ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મંગળવાર ૩૧ માર્ચ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ


આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!





## બોરસદ તાલુકાનું નયનરમ્ય ગામ નામણ

# લોક સમૂહમાં વસવાટ કરતા એક વ્યક્તિ 'નવમણિયો' ના ઉચ્ચારણ પરથી ગામનું નામ 'નામણ' પડ્યું હોવાનું મનાય છે




**ગામના લોકોમાં અરસ પરસનો સંપ, પ્રેમ અને સહકારની ભાવના અતૂટ છે**

બોરસદ તાલુકાની સરહદ પર વસેલું નામણ ગામ કુદરતી સૌંદર્ય અને માનવીય મૂલ્યોનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. નામણ ગામની ભૌગોલિક સ્થિતિ મુજબ ઉત્તર અક્ષાંશ 22'-27' અને પૂર્વ રેખાંશ 73'-54' પર આવેલું ગામ છે. બોરસદથી ઈશાન દિશામાં લગભગ નવ કિલોમીટરના અંતરે વસેલું છે. આ ગામની ચારેબાજુ અન્ય સમૃદ્ધ ગામો આવેલા છે. આ ગામોમાં વ્યાપારિક , રાજકીય અને સામાજિક વ્યવહાર સામાન્ય રીતે સંકળાયેલા છે. નામણ ગામની ઉત્તરમાં નાપા ગામ, દક્ષિણમાં દહેમી ગામ, પૂર્વમાં આણંદ તાલુકાનું નાપાડ ગામ અને પશ્ચિમમાં સીંગલાવ ગામ આવેલાં છે. ગામની આસપાસનું વાતાવરણ પ્રકૃતિના ખોળે ખીલેલું છે, જે તેને એક રળિયામણું ગામ બનાવે છે.

નામણ ગામના નામ અંગે સ્થાનિક વડીલો સાથે ચર્ચાથી જાણવા મળ્યા મુજબ કોઈપણ સ્થળના નામ પાછળ કોઈને કોઈ રોચક લોકવાયકા છુપાયેલી હોય છે. નામણ ગામના નામકરણ પાછળ પણ વર્ષો જૂની એક લોકવાયકા પ્રચલિત છે. કહેવાય છે કે વર્ષો પહેલાં આ વિસ્તાર વેરાન જમીન જેવો હતો. ત્યારે માણસોનું એક નાનું ટોળું અહીં થોડા દિવસો માટે રોકાયું હતું. આ સમૂહમાં એક વ્યક્તિનું વજન 'નવ મણ' જેટલું હતું. તેના સાથીદારો તેને 'નવમણિયો' કહીને બોલાવતા હતા. સમયાંતરે આ 'નવમણિયો' શબ્દ અપભ્રંશ થઈને વિસ્તારની ઓળખ તરીકે 'નામણ' તરીકે લોકબોલીમાં પ્રચલિત થયેલો છે.

દેશની આઝાદી અગાઉ નામણ ગામ ખંભાતના નવાબના શાસન હેઠળ આવતું હતું. પરંતુ સમય જતાં આઝાદી બાદ લોકશાહી અને સહકારી ભાવનાનો વિકાસ થયો છે. ગામના વિકાસમાં સહકારી સંસ્થાઓનો અને રાજકીય અને સામાજિક આગેવાનો, જાગૃત નાગરિકોનો ખુબ મોટો ફાળો રહ્યો છે.

નામણ ગામની કુલ વસ્તી લગભગ ત્રણ હજારની આસપાસ છે. આ ગામ જ્ઞાતિઓની રહેણી કરણી વિવિધતામાં એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ગામમાં ક્ષત્રિયોની વસ્તી વિશેષ છે, બ્રાહ્મણ, પટેલ, ડાભી, પંચાલ, પ્રજાપતિ, સોલંકી, ખાંટ, પઢિયાર, પરમાર, રાઠોડ, મકવાણા, તળપદા, વણકર, હરિજન વગેરે જ્ઞાતિના લોકો પણ હળીમળીને રહે છે. ગામના લોકોમાં અરસપરસનો સંપ, પ્રેમ અને સહકારની ભાવના અતૂટ છે. જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર દરેક પ્રસંગોમાં આખું ગામ એક પરિવારની જેમ જોડાઈ જાય છે. સમયની સાથે નામણ ગામમાં અનેક પરિવર્તનો આવ્યા છે. જૂની પરંપરાઓને જાળવી રાખીને ગામ હવે આધુનિકતા તરફ ડગ માંડી રહ્યું છે. શિક્ષણનો વ્યાપ વધવાથી નવી પેઢી દેશ-વિદેશમાં નામ રોશન કરી રહી છે. ગામમાં પરસ્પરની એકતા અને અખંડિતતાની ભાવના દિન-પ્રતિદિન પ્રબળ બનતી જાય છે. તમામ જ્ઞાતિના લોકોના સહકારથી ગામ આજે પ્રગતિના પંથે છે.

# શ્રીરામ ઔષધાલય છેલ્લા 30 વર્ષથી આયુર્વેદિક સારવાર, લોકસેવાની પ્રવૃત્તિઓમાં કાર્યરત છે




બોરસદ તાલુકાના નામણ ગામનું શ્રીરામ આયુર્વેદિક ઔષધાલય અનેક બીમાર દર્દીઓ માટે વિશેષ સારવાર કેન્દ્ર બન્યું છે. જેના સંચાલક જયદિપભાઈ જોષી, ગામની સામાન્ય વર્ગની દીકરીઓ માટે અનોખો સેવાયજ્ઞ આરંભ્યો છે. તેઓ દ્વારા દર મહિને ગામની એક દીકરીને જૂના દર્દીના આર્થિક સહયોગથી સિલાઈ મશીન ભેટ આપવામાં આવે છે.

સસ્તી અને અસરકારક આયુર્વેદ દવાથી આર્થિક બચત થતાં તેઓએ ગરીબ અને સામાન્ય વર્ગની દીકરીઓ પગભર થઈ શકે અને રોજગારી મેળવે તેવા આશયથી દર્દીએ સિલાઈ મશીન ભેટ આપવાની ઈચ્છા દર્શાવી હતી.તેઓના આ વિચારને અમલમાં મૂક્યા બાદ ગામની દીકરીઓને સિલાઈ મશીન ભેટ આપવામાં આવ્યા છે. દર મહિને એક મશીન ભેટ આપવાનું આયોજન હોવાનું તેઓએ જણાવ્યું હતું. નામણ ગામના પૂર્વ સરપંચ અને વૈદ તરીકે જાણીતા બનેલા જયદિપભાઈ જોષીની આ પહેલ અનેક સામાન્ય વર્ગના પરિવારોની દીકરીઓ માટે આશીર્વાદ રૂપ બની છે.

શ્રીરામ આયુર્વેદિક ઔષધાલય ના વૈદ્ય શ્રીના મતે દુ:ખાવા કે ખાલી ચડવા વાયુદોષના પ્રકોપથી થાય છે. માથાનો, કમરનો, મણકાનો દુ:ખાવો -ઘસારો, સ્નાયુ - સાંધાનો દુ:ખાવો તેમજ ગેસ, કબજીયાત, એસીડીટી પેટના રોગો તથા વા, ચિકનગુનીયા, સાઈટીકા, ઝણઝણાટી થવી, નસ દબાઈ જવી, ઉઠવા - બેસવા કે ચાલવામાં તકલીફ થવી, તેમજ વજન વધ-ઘટ થવાને કારણે વાળ અને ચામડીના રોગો, ડાયાબીટીસ, થાઈરોઈડ, નિ:સંતાનપણુ થઈ શકે છે. આવા રોગોમાં સ્ટીરોઈડ વગર રાહત મેળવવા છેલ્લા 30 વર્ષથી ઔષધાલય કાર્યરત છે અને હજારો દર્દીઓ સારવારનો લાભ લઈ અને પોતાના દુ:ખાવામાંથી રાહત મેળવી ચૂક્યા છે. આરોગ્ય કેન્દ્રના પરિવાર ના કર્મચારીઓ, આશા બહેનોને શ્રીરામ આયુર્વેદિક ઔષધાલય નામણ તરફથી ભેટ સ્વરૂપ વોટર ડીસ્પેન્સર આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

નામણ ખાતે આવેલ રામજી મંદિર નો ગ્રામજનો ના સહયોગ થી પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી મંદિર ખાતે ચાલતા શ્રીરામ આયુર્વેદિક ઔષધાલય નામણ તરફથી બાળકોને તિથી ભોજન આપવામાં આવે છે. બોરસદના નામણ ખાતે આવેલ રામજી મંદિરનો ગ્રામજનો ના સહયોગથી પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જે નિમિતે વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આરતી પૂજાનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી મંદિર ખાતે ચાલતા શ્રીરામ આયુર્વેદિક ઔષધાલય નામણ તરફથી શ્રી રામ મંદિર ના પાટોત્સવ પ્રસંગે ગામના દરેક બાળકોને તિથી ભોજન આપવામાં આવે છે.






## નામણ ટાઉન ટોક

### -: નામણ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 653 |
| કુલ વસ્તી | 3114 |
| કુલ પુરૂષો | 1620 |
| કુલ સ્ત્રીઓ | 1494 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 91.34 |
| પુરૂષ સાક્ષરતા દર | 95.21 |
| સ્ત્રી સાક્ષરતા દર | 87.14 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 206 |
| ખેત મજૂર | 1000 |
| સીમાંત વર્ગ | 78 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 283 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 42 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1020 |
| ગાય | 210 |
| ભેંસ | 761 |
| અન્ય | 49 |

### -: જમીન ક્ષેત્રફળ :-

265 હેક્ટર 38 આરે 62 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 02 હેક્ટર 69 આરે 75 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 469 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 600 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 599 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 08 |
| ખેતી વિષયક જોડાણ | 35 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 187 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 487 |
| BPL કાર્ડ ધારકો | 276 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 53 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 25 |
| વિધવા સહાય | 10 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 01 |